ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર

૧૨ | મંગળવાર 3 નવેમ્બર, ૨૦૨૬ | આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | વીરપુર | સંતરામપુર

માતરમાં ખાનગી કંપનીની દાદાગીરી છતાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું ભેદી મૌન

માતરના લીંબાસીની કોનકોર્ડ બાયોટેક કંપની ૬ જેટલી નોટિસ ઘોળીને પી ગઈ

વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૬ સુધીમાં વારંવાર નોટિસો આપવા છતાં ક્લોઝર ઓર્ડર ન અપાતાં તંત્રની ભૂમિકા શંકાના ઘેરામાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

માતર તાલુકાના લીંબાસી માલાવાડા રોડ પર સર્વે નંબર 84 અને 668 માં આવેલી ફાર્માસ્યુટિકલ કંપની કોનકોર્ડ બાયોટેક લિમિટેડ યુનિટ-3 દ્વારા પર્યાવરણના કાયદાના ધજાગરા ઉડાડી ભયંકર પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે.

આ અંગે આરટીઆઈ હેઠળ પ્રાપ્ત સત્તાવાર ઈન્સ્પેક્શન અહેવાલો મુજબ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ કંપનીને વર્ષ 2022 થી 2026 સુધીમાં 6 જેટલી કારણદર્શક નોટિસો ફટકારવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી . પર્યાવરણીય લોક સુનાવણી વખતે કંપનીએ પ્રદૂષણ ન ફેલાવવાની બાંહેધરી આપી હતી, પરંતુ વાસ્તવિકતામાં આજુબાજુના વિસ્તારોમાં ઝેરી ગેસ અને અસહ્ય દુર્ગંધ છોડાતાં ખેડૂતોના પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે અને સ્થાનિકોનું જીવવું દુષ્કર બની ગયું છે.

પ્રદૂષણ અધિનિયમ 1974 અને વાયુ પ્રદૂષણ અધિનિયમ 1981 ના ખુલ્લા ભંગ બદલ વીજળી-પાણીનો પુરવઠો કાપી તાત્કાલિક ક્લોઝર ઓર્ડર આપવાની કાયદાકીય સત્તા હોવા છતાં, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ માત્ર નોટિસો આપીને સંતોષ માની રહ્યું છે, જેથી અધિકારીઓ અને કંપની વચ્ચે મોટી મિલીભગત હોવાની આશંકા સેવાઈ રહી છે. જો તંત્ર દ્વારા સત્વરે ક્લોઝર ઓર્ડર આપવામાં નહીં આવે, તો આક્રોશિત ગ્રામજનો અને ખેડૂતો દ્વારા ગાંધીનગર સ્થિત પર્યાવરણ ભવન ખાતે ઉગ્ર આંદોલન તેમજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અને ગુજરાત હાઈકોર્ટમાં કાનૂની લડત આપવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.


ગેરકાયદેસર વિસ્તરણ અને કચરાનો સંગ્રહ

બોર્ડની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના જ કંપનીએ ગેરકાયદેસર રીતે નવી ચાર પ્રોડક્ટ્સ માટેનું કન્સ્ટ્રક્શન શરૂ કરી દીધું હતું. આ અંગેની તપાસ દરમિયાન સ્ક્રેપ યાર્ડ પાસે મોટા પ્રમાણમાં દૂષિત કેમિકલ ડ્રમ્સ અને હેઝાર્ડસ વેસ્ટ સ્ટોરેજ એરિયામાં નિયમો વિરુદ્ધ 149 મેટ્રિક ટન જેટલો ભયજનક કચરો સંગ્રહાયેલો મળી આવ્યો હતો.

પાણીના રિપોર્ટમાં અતિશય ઝેરી તત્વો

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના રિપોર્ટ મુજબ કંપનીના આરઓ ટેન્કના સેમ્પલમાં એમોનિકલ નાઇટ્રોજનનું પ્રમાણ 106.68 mg/L જેટલું અતિશય ઊંચું અને ઝેરી મળી આવ્યું છે. આ ઉપરાંત પાણીમાં ટીડીએસનું પ્રમાણ 2504 mg/L નોંધાયું છે, જે નિયત પર્યાવરણીય માપદંડો કરતાં અનેક ગણું વધારે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની વૈદિક પરંપરા અને આધ્યાત્મિક યોગદાન પર વિશેષ સત્ર યોજાયું



હરિદ્વાર સ્થિત પતંજલિ વિશ્વવિદ્યાલય તથા કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે પરમી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી રામદેવજી મહારાજ અને આચાર્ય બાલકૃષ્ણજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ પરિષદમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ તેમજ સ્વામી માધવપ્રિયદાસજીના અધ્યક્ષ સ્થાને વિશેષ સત્ર યોજાયું હતું. સત્ર સંયોજક શાસ્ત્રી સ્વામી ડો. સંતવલ્લભદાસજીની પ્રેરક ઉપસ્થિતિ તથા જાણીતા સાહિત્યકાર ડો. બળવંતભાઈ જાણીના વિષય પરિચય સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ સત્રમાં મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગૌરવશાળી ઇતિહાસ, વૈદિક પરંપરા, તત્ત્વજ્ઞાન અને વિશિષ્ટ આધ્યાત્મિક યોગદાનનું વિદ્વત્તાપૂર્ણ પ્રતિપાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. શ્રીનિવાસ વરખેડીજી સહિત અગ્રણી વિદ્વાનો, પ્રોફેસરો અને સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વીરપુરના આસપુરમાં ગાયે એકસાથે બે વાછરડીને જન્મ આપ્યો



વીરપુર તાલુકાના આસપુર ગામમાં પશુપાલક ઠાકોર નરેશભાઈ પુનાભાઈની ગાયે એકસાથે બે વાછરડીઓને જન્મ આપતાં પશુપાલક પરિવાર અને ગ્રામજનોમાં આનંદ અને આશ્ચર્ય વ્યાપી ગયું છે. સામાન્ય રીતે ગાય એક વાછરડાને જન્મ આપતી હોય છે, ત્યારે એકસાથે બે વાછરડીઓનો જન્મ થવાની આ અનોખી ઘટનાને પગલે લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું છે. આ બનાવની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો આ દુર્લભ ઘટનાને સ્વયં નિહાળવા માટે પશુપાલકના ઘરે પહોંચી રહ્યા છે. પશુપાલન ક્ષેત્રે બનેલી આ ખુશીની સાથે આશ્ચર્યજનક ઘટના હાલ સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બની છે. **તસવીર : પ્રકાશ ઠાકોર**

સ્ટેટ મોનિટરીંગ સેલનું મેગા ઓપરેશન | પંખાની આડમાં ચોરખાનામાંથી અને ખેતરમાંથી દારૂ પકડી પાડ્યો

ખેડા નજીક ટ્રકના ગુપ્ત ખાનામાં છુપાવેલો ૩૯ લાખનો દારૂ ઝબ્બે

ખેડા અને લીંબાસીમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ૭૧ લાખથી વધુનો દારૂ પકડી પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

ખેડા જિલ્લામાં દિવાળીના તહેવારો પૂર્વે સક્રિય થયેલા બુટલેગરો પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કડક કાર્યવાહી કરીને ખેડા ટાઉન અને લીંબાસી પોલીસ સ્ટેશનની હદમાંથી 71,61,387 ની કિંમતનો વિદેશી દારૂ તથા મુદ્દામાલ કબજે કર્યો છે. એસએમસીની ટીમે પંખાની આડમાં ટ્રકના ચોરખાનામાં અને ખેતરમાં સંતાડવામાં આવેલ દારૂની બોટલો જપ્ત કરી સ્થાનિક અને આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

ખેડા ટાઉન પોલીસ મથકની હદમાં આવેલ કનેરા ગામ નજીક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પાસે વોચ દરમિયાન એસએમસીની ટીમે એક અશોક લેલન ટ્રકને અટકાવી હતી. હરિયાણાના મેવાતના રહેવાસી ડ્રાઈવર રીઝવાન મોહમદ રફીક ની અટકાયત કરી તપાસ કરતા ટ્રકમાં ઈલેક્ટ્રિક પંખા મળી આવ્યા હતા. જોકે કેબીન સુધી ઊંડાણપૂર્વક તપાસ કરતા તેમાંથી ગુપ્ત ચોરખાનું મળી આવ્યું હતું, જેમાં સંતાડેલી 39,29,560 ની કિંમતની 12,478 વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ટ્રક અને પંખા સહિત કુલ 71.61 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ અંગે ટ્રક ડ્રાઈવર રીઝવાને કબુલ્યું હતું કે, તેને માત્ર પંખાની આડમાં દારૂ અમદાવાદ પહોંચાડવાની સૂચના આપવામાં આવી હતી. રસ્તામાં ડીઝલ કે અન્ય જરૂરિયાત માટે એક અજાણ્યા મોબાઈલ નંબર પર સંપર્ક કરવાનો હતો. આ શખ્સે જ ડ્રાઈવરને કનેરા ગામ પહોંચીને ગાડી ક્યાં ખાલી કરવી તેનું લોકેશન મોકલ્યું હતું.

આ ઉપરાંત લિમ્બાસી પોલીસ સ્ટેશન હદના સિંજીવાડા ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તારાપુર ચોકડી પાસેથી બોલેરો ગાડીનો પીછો કરતા ચાલક ખેતરના રસ્તે ગાડી નાખી દારૂ ઉતારી ફરાર થઈ ગયો હતો. પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધરી ખેતરમાં સંતાડેલી 17,17,824 ની કિંમતની 3,636 દારૂની બોટલો જપ્ત કરી હતી. આ મામલે લિમ્બાસી કેસમાં જયદીપ સોલંકી તથા ખેડા ટાઉન કેસમાં હરિયાણાના સૈફ સહેરૂન અને અન્ય અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

આંકલાવમાં જાતિના દાખલા માટે અરજદારોને હાલાકી

જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા બાદ પણ રેવન્યુ તલાટીનું પેઢીનામું માંગતા મુશ્કેલી

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨

આંકલાવ તાલુકા પંચાયત કચેરીમાં જાતિના દાખલા મેળવવા માટે પેઢીનામું રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠી છે. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર સહિતના જરૂરી દસ્તાવેજો રજૂ કરવા છતાં રેવન્યુ તલાટી દ્વારા પ્રમાણિત પેઢીનામું માગવામાં આવતું હોવાથી અરજદારોને જાતિનો દાખલો મેળવવા માટે પણ વારંવાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે.

અરજદારોના જણાવ્યા મુજબ, સીધી લીટીના વારસદારોના કિસ્સામાં પણ જરૂરી આધાર-પુરાવા રજૂ કર્યા બાદ પેઢીનામું લાવવા જણાવવામાં આવે છે. આ માટે સાક્ષીઓને સાથે રાખીને રેવન્યુ તલાટી પાસે જવું પડતું હોવાથી અરજદારોનો સમય અને નાણાંનો બગાડ થઈ રહ્યો છે. ખાસ કરીને શૈક્ષણિક પ્રવેશ અને વિવિધ સરકારી નોકરીઓની ભરતી પ્રક્રિયામાં જાતિના દાખલાની જરૂરિયાત ઊભી થતી હોવાથી અરજદારો માટે આ પ્રક્રિયા મુશ્કેલીરૂપ બની રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે આણંદ જિલ્લાના અન્ય તાલુકાઓમાં જાતિના દાખલા મેળવવા માટે આવી જટિલ પ્રક્રિયાનો સામનો કરવો પડતો ન હોવાની ચર્ચા વચ્ચે આંકલાવ તાલુકામાં જ પેઢીનામાનો આગ્રહ કેમ રાખવામાં આવે છે ? તેવો સવાલ ઊઠ્યો છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદની ડી.એન. હાઈસ્કૂલ ખાતે વરિષ્ઠ નાગરિકોની સેવા અંગે કાર્યક્રમ યોજાયો

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિનિયર સિટીઝન ફોરમ દ્વારા ડી.એન. હાઈસ્કૂલ, આણંદ ખાતે વરિષ્ઠ નાગરિક સેવા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં સ્વ. મંત્રી જી. એન. ભાવસારને ભાવાંજલિ અર્પણ કરી શોક સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન નિવૃત્ત આઈએએસ એ. એમ. તિવારીએ ન્યુક્લિયર કુટુંબ વ્યવસ્થા સામે વડીલો ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે સંસ્થાના કાર્યો વિશે માર્ગદર્શન આપ્યું હતું. અતિથિ વિશેષ વિકાસ વાંજેએ ઘર આધારિત વૃદ્ધ સંભાળ, માનસિક અને ભાવનાત્મક સહાય જેવી સેવાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



પેટલાદ સોજીત્રા તાલુકા સૌર ઊર્જા ઉત્પાદક સહકારી મંડળી દ્વારા 'સહકારથી સૂર્યોદય' યોજનાનો પ્રારંભ

આણંદ | સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે નડિયાદ ખાતે વિશ્વની પ્રથમ સોલર મંડળી પેટલાદ સોજીત્રા તાલુકા સૌર ઊર્જા ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ દ્વારા 'સહકારથી સૂર્યોદય' યોજનાનો ભવ્ય પ્રારંભ કરાયો છે. મંડળીના ચેરમેન ડો. તેજસભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાજપ ઉત્તર ઝોનના મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટના વરદ હસ્તે યોજનાનો પ્રારંભ થયો તેમજ પ્રથમ એસસી લાભાર્થીને જેડા રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ વિચારો અને કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહના 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

સીવીએમ યુનિવર્સિટી દ્વારા 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે ભવ્ય રેલીનું આયોજન કરાયું

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ અને એનસીસી સેલના સંયુક્ત ઉપક્રમે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની પૂર્વસંધ્યાએ ભવ્ય 'સરદાર એકતા યાત્રા'નું સફળ આયોજન કરાયું હતું. એકતા શપથ સાથે સીવીએમ યુનિવર્સિટી બિલ્ડિંગથી પ્રારંભ થયેલી આ રેલીમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સ્ટાફગણ દેશભક્તિના સંદેશ આપતા પ્લેકાર્ડ્સ સાથે જોડાયા હતા. આ રેલી સરદાર પટેલના સ્ટેચ્યુ ખાતે પહોંચી હતી, જ્યાં ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓએ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સરદાર સાહેબના અમર યોગદાનને યાદ કર્યું હતું.



ચારુસેટ સંલગ્ન એઆરઆઈપીને 'બેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ એવોર્ડ' એનાયત

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી (એઆરઆઈપી) દ્વારા નવી દિલ્હી ખાતે યોજાયેલી વર્લ્ડ ફિઝિયોથેરાપી એશિયા વેસ્ટર્ન પેસિફિક રિજનલ કોન્ફરન્સ 2026માં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ 'બેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ એવોર્ડ' પ્રાપ્ત થયો છે. આ કોન્ફરન્સ દરમિયાન સંશોધન ક્ષેત્રે ડો. હેતા પટેલે ઓરલ સાયન્ટીફિક પ્રેઝન્ટેશનમાં દ્વિતીય અને વિદ્યાર્થી ખુશી ભાનુશાળીએ સ્ટુડન્ટ પેપર પ્રેઝન્ટેશનમાં પ્રથમ પુરસ્કાર મેળવ્યો હતો. આ ઉપરાંત સંસ્થાએ ગ્રૂપ ડાન્સ અને ફોક ડાન્સ જેવી વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવીને ઉત્કૃષ્ટ સફળતા હાસિલ કરી હતી.



આણંદ જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશન દ્વારા દ્વિતીય ગરબા મહોત્સવ 'થનગનાટ' યોજાયો



આણંદ | આણંદ જિલ્લા સિ.સિ. ફેડરેશન દ્વારા વયસ્ક બહેનોમાં ભક્તિ અને શક્તિનો સંચાર થાય તેવા શુભ હેતુથી દ્વિતીય ગરબા મહોત્સવ 'થનગનાટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ ફેડરેશનના અધ્યક્ષ હસમુખભાઈ કારીયા તથા મુખ્ય મહેમાન અન્વેષભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા મંગલ દીપ પ્રગટાવીને કરાયો હતો. ગરબા મહોત્સવમાં જિલ્લાની વિવિધ ૮ સિનિયર સિટીઝન સંસ્થાઓની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની કલા-સાધના રજૂ કરી હતી. આ સ્પર્ધામાં ચ.એ. સિ.સિ. ફોરમ આણંદે પ્રથમ, વણસોલ પાટીદાર સમાજે દ્વિતીય અને બોરસદ ફોરમે તૃતીય સ્થાન મેળવતા વિજેતાનું સન્માન કરાયું હતું.

આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલય સેલ્ફી પોઇન્ટ કોમ્પિટિશનમાં દ્વિતીય ક્રમે રહી

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવરાત્રી મહોત્સવની 'સેલ્ફી પોઇન્ટ કોમ્પિટિશન'માં કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો છે. વિદ્યાર્થીનીઓએ માર્ગદર્શક શિક્ષિકા બહેનોના સહયોગથી આદિ દેવી મહા દુર્ગા થીમ આધારિત આકર્ષક સેલ્ફી પોઇન્ટ તૈયાર કર્યો હતો. શિક્ષિકા બહેનોના ઉત્કૃષ્ટ માર્ગદર્શન અને વિદ્યાર્થીનીઓની સર્જનાત્મકતાના કારણે શાળાને આ ગૌરવશાળી સિદ્ધિ સાંપડી છે. આ સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશ દાદા, પ્રિન્સિપાલ નિરાલી મેડમ અને સુપરવાઇઝર્સે વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.



વીરપુરના બલવાખાંટના મુવાડામાં આચાર્યનો વિદાય સન્માન સમારોહ યોજાયો

વીરપુર | મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના બલવાખાંટના મુવાડા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રભાતસિંહ હાથીસિંહ પરમારના વયનિવૃત્તિ પ્રસંગે ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. શાળા વ્યવસ્થાપન સમિતિ, પ્રાથમિક શાળા, પગાર કેન્દ્ર જોધપુર અને ગ્રામજનોના સંયુક્ત સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સમારંભમાં અમૂલ ડેરીના ચેરમેન સાયભેસિંહ પરમાર અને ધારાસભ્ય માનસિંહ ચૌહાણ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ તેમની વર્ષોની નિષ્ઠાપૂર્વકની શૈક્ષણિક સેવાઓ અને સમાજ ઘડતરના યોગદાનને બિરદાવી સન્માન સાથે ભાવભીની વિદાય આપી હતી.



કપડવંજ એસ.ટી. બસ સ્ટેશન ખાતે સાપ્તાહિક સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો



કપડવંજ | કપડવંજ બસ સ્ટેશન ખાતે સાપ્તાહિક સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જે.કે.પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય જગદીશભાઈ રાઠોડ અને સામાજિક કાર્યકર બાબુભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ડેપો મેનેજર એન.એમ.કલ્યાણી, ટી.આઈ., એટીઆઈ અને હેડ મિકેનિક સહિત ડેપોના સ્ટાફે સફાઈ હાથ ધરી હતી. સ્થાનિક સફાઈ ટીમ તથા મુસાફરોએ સાથે મળીને શ્રમદાન કરી સ્વચ્છ ભારત મિશનને સાર્થક કર્યું હતું.

કપડવંજ વિશા ખડાયતા યુવક મંડળની વાર્ષિક સામાન્ય સભા ઉત્સાહભેર યોજાઈ

કપડવંજ | સો.વ.શાહ કપડવંજ વિશા ખડાયતા યુવક મંડળની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ વિજય આર. શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ મંત્રી કિશનભાઇ પરીખ દ્વારા વાર્ષિક હિસાબો રજૂ કરાયા હતા. આ પ્રસંગે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે મંડળના હોદ્દેદારો તેમજ જ્ઞાતિના વડીલોના હસ્તે ઇનામો અને કાસ્કેટ એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્થાના હિસાબોનું સતત સાત વર્ષથી વિનામૂલ્યે ઓડિટ કરી આપવા બદલ નડિયાદના CA વિશાલભાઇ બી. શાહનો સવિશેષ આભાર વ્યક્ત કરાયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી કિશનભાઇ પરીખે કર્યું હતું અને સભાના અંતે ખજાનચી તેજસભાઇ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



કપડવંજના વ્યાસવાસણા ખાતે સરદાર જયંતી - 'એકતા દિવસ'ની ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજ તાલુકાના વ્યાસવાસણા પે સેન્ટર ખાતે દૂધ મંડળી, ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળાના સંયુક્ત સહયોગથી ૩૧મી ઓક્ટોબરે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી 'એકતા દિવસ' તરીકે શાનદાર રીતે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે સરદાર સાહેબના અખંડ ભારત નિર્માણના અમૂલ્ય યોગદાન તથા દેશપ્રેમના ગુણોને યાદ કરાયા હતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના યુવા સરપંચ કેતનભાઈ પટેલ દ્વારા નિવૃત્ત શિક્ષકોનું શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ આપી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.



કપડવંજમાં શ્રીવલ્લભ સેવા કેન્દ્ર દ્વારા પમો ધાન્યદાન કીટ વિતરણ સેવાયજ્ઞ યોજાયો

કપડવંજ | કપડવંજ ખાતે આવેલી સવાસો ગોળ કડવા પાટીદાર સમાજની વાડીમાં શ્રીવલ્લભ સેવા કેન્દ્ર દ્વારા ગંગા સ્વરૂપ બહેનો તથા અશક્તજનો માટે ધાન્યદાન કીટ વિતરણનો ૫૪મો સેવાયજ્ઞ યોજાયો હતો. સંસ્થાના ઉપપ્રમુખ સંજય શાહના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમમાં કુલ ૩૫૦ ગંગા સ્વરૂપ બહેનો, વૃદ્ધ દંપતી અને અશક્ત બહેનોને કીટ વિતરણ કરી સહાય પૂરી પાડવામાં આવી હતી. આ સેવાયજ્ઞમાં પાલિકા પ્રમુખ સેજલ પટેલ, ઉપપ્રમુખ સ્નેહા ઓઝા, ભદ્રેશ ભટ્ટ,ગોપાલ ભટ્ટ, સુભાષ પરીખ, મુકેશ તલાટી, રાજુભાઈ ત્રિવેદી, નહુષ, ઘનશ્યામ પટેલ, હરીશ ભાઈ, જયેન્દ્રભાઈ કંસારા, સુરેશ પારેખ, ડો.તેજલબેન, ભગવતીબેન સહિત સેવાભાવી કાર્યકરોએ સેવા આપી હતી.

